પ્રાંતિજના મજરા-તલોદ રોડ ઉપર ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા-તલોદ રોડ ઉપર ટ્રક ચાલકે બાઈક ચાલક ને ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલ પતિ-પત્ની અને એક વર્ષ ની બાળકી ને અકસ્માત મા ઈજાઓ પહોંચી હતી તો પિતા-પુત્રીને ગંભીર ઈજાઓ પહોચતા તેવોને ગાંધીનગર ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા. તલોદ તાલુકાના જુના ધાંધવાસણા ખાતે રહેતા સોલંકી સંજયસિંહ કાનસિંહ પોતાની પત્ની અને એક વર્ષ ની દિકરી ત્રણેય જણા તેવોનુ બાઈક GJ09 DG0343 ઉપર પ્રાંતિજ તાલુકાના સાદોલીયા પાસે આવેલ દેલવાડા ખાતે જઈ રહ્યા હતા તે દરમ્યાન મજરા-તલોદ રોડ દલાની મુવાડી ખારી નદી પાસે પહોચતા ત્યા આવેલ વળાંક મા ટ્રક GJ18 AZ2887 નો ચાલક ફુલફાસ્ટ બેદરકારી રીતે હંકારી લાવી બાઈક ઉપર જઈ રહેલ પરિવાર ને ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલ પતિ-પત્ની અને બાળકી ત્રણેય જણા બાઈક સાથે રોડ ઉપર પટકાયા હતા તો અકસ્માત મા બાઈક ચાલક સોલંકી સંજયસિંહ કાનસિંહ તથા તેમના પત્ની અને તેમની એક વર્ષ ની બાળકી ને ગંભીર ઈજાઓ પોંહચી હતી તો પિતા-પુત્રી ને ગાંધીનગર ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો અકસ્માત એટલો ભયંકર હતો કે બાઈક નુ આગળનુ ટાયર પણ નિકળી ગયુ હતુ જયારે પ્રાંતિજ પોલીસ ને અકસ્માત અંગે ની જાણ થતા ઘટના સ્થળેઆદોડી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર તાલુકા સહકારી સંઘની ચૂંટણીમાં ધારાસભ્યની પેનલનો વિજય

માલપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની યોજાયેલી ચૂંટણીમાં ધારાસભ્યની પેનલનો વિજય થયો છે. જ્યારે ભાજપ શાસિત માલપુર તાલુકા પંચાયત પ્રમુખની કારમી હારથી સન્નાટો વ્યાપ્યો છે. અનેક લોકો વિધાનસભા ચૂંટણી અગાઉની આ વિસ્તારની સેમી ફાઈનલ તેને ગણાવી રહ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર માલપુર તાલુકા સંઘની ૧૪ બેઠકો માટે ચૂંટણી જંગ જાહેર થયો જેમાં ઉમેદવારીપત્ર પરત ખેંચવાના દિવસે ૯ બેઠકો બિનહરીફ થઈ હતી. જ્યારે ૫ બેઠક માટે ચૂંટણી યોજાતાં તેમાં પણ ધારાસભ્યના સમર્થનવાળા મોટાભાગના ઉમેદવારો વિજયી બનતાં માલપુર તાલુકાના સહકારી રાજકારણમાં ધારાસભ્ય જશુભાઈ પટેલનો દબદબો જોવા મળ્યો, જ્યારે માલપુર તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ ડાહ્યાભાઈ પટેલે નાના સીમાંત ખેડૂત અનામત વિભાગમાં ઝંપલાવ્યું હતું જેમાં તેમનો કારમો પરાજય થતાં ભાજપ નેતાગીરીએ તેની નોંધ લીધાનું જાણવા મળ્યું છે. આગામી દિવસોમાં સહકારી માળખાની ચૂંટણી અનેક રાજકીય સમીકરણો બદલી શકે છે.

વિજેતા ઉમેદવારો..
જશુભાઈ શિવાભાઈ પટેલ, ધારાસભ્ય (બિનહરીફ)
અંબાલાલ શિવાભાઈ વાળંદ, બિનહરીફ
અંબાલાલ જીવરાજભાઈ પટેલ, બિનહરીફ
નિશ્ચલકુમાર જશુભાઈ પટેલ, બિનહરીફ
મંગળદાસ ભુરાભાઈ પણચા, બિનહરીફ
ભાથીભાઈ સરદારભાઈ ખાંટ, બિનહરીફ
ડાહ્યાભાઈ ધુળાભાઈ પટેલ, બિનહરીફ
ધુળાભાઈ માવાભાઈ પટેલ, બિનહરીફ
કાન્તિભાઈ ખાનાભાઈ પરમાર, બિનહરીફ
સરદારસિંહ કાળુસિંહ ચૌહાણ
મૂળજીભાઈ નાથાભાઈ પટેલ
દલસુખભાઈ જેલાભાઈ પટેલ
મનોજભાઈ નાનાભાઈ પટેલ
પ્રવિણભાઈ નાથાભાઈ પટેલ

સાબરકાંઠા જિલ્લામાં યોજાશે શાળા પ્રવેશોત્સવ : ૨૦ હજાર બાળકોનું ધો.૧માં વાજતે ગાજતે પ્રવેશ કરાશે

રાજ્યમાં તા.૨૩ જૂનથી ૩ દિવસનો શાળા પ્રવેશોત્સવ શરુ થઈ રહ્યો છે. સાબરકાંઠા જિલ્લાની ૧૧ ૩ પ્રાથમિક શાળાઓમાં ૧૯, ૪ બાળકોને ધો.૧માં વાજતે ગાજતે પ્રવેશ અપાવવાનું અને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દરેક શાળાઓમાં ૫ રોપાઓનું વાવેતર કરવાનો નિર્ણય કર્યો છે.સાબરકાંઠા કલેક્ટર હિતેષ કોયાના જણાવ્યા અનુસાર જિલ્લાના ૮ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવની કામગીરી યોજાશે. કોરોનાના કારણે અગાઉના ૨ વર્ષ દરમ્યાન શાળા પ્રવેશોત્સવ યોજી શકાયો ન હતો પરંતુ આ વર્ષે શાળા પ્રવેશોત્સવ યોજાવાનો છે જેમાં આંગણવાડી તેમજ પ્રાથમિક શાળાઓમાં ઉપસ્થિત રહેનારા મહાનુભાવોની ઉપસ્થિતિમાં બાળકોને શાળા પ્રવેશ કરાવાશે. ઉપરાંત બાળકોના નામાંકનની સ્થિતિ, શિક્ષકોની સંખ્યા ૧૦૦ ટકા હાજરી અને ઓનલાઈન હાજરીની સ્થિતિની સમીક્ષા, ગુણોત્સવ ૨-૦ દ્વારા થયેલ મૂલ્યાંકનની સમીક્ષા, એકમ કસોટી, સત્રાંત પરીક્ષા તેમજ લર્નિંગ લોસ માટે સમયદાન અને થયેલ ઉપચારાત્મક વર્ગ કોરોના કાળ દરમ્યાન થયેલ ઓનલાઈન, ઓફલાઈન કામગીરી અંગેની સમીક્ષા તેમજ ડ્રોપ આઉટ રેસિયા અંગે સમીક્ષા કરી હતી. જિલ્લામાં ૧૦, ૧૮૧ કુમાર અને ૯૪૮૩ કન્યાઓ મળી કુલ-૧૯, ૬૪ બાળકોને પ્રવેશ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું જેમાં ૪ દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ થયો છે. જ્યારે ૫૪ લઘુમતી બાળકોને શાળામાં પ્રવેશ અપાશે તેમજ વિદ્યાલક્ષ્મી બોન્ડ પણ આપવામાં આવશે. ૩ દિવસના શાળાકીય પ્રવેશોત્સવને ૯૧ રુટ મારફતે નિયત કરવામાં આવ્યો છે.

ધાનેરા મામા બાપજી મંદિરના તળાવમાં પાણી સુકાવાના આરે

ધાનેરા નગરપાલિકા દ્વારા મામા બાપજી ના મંદિર ખાતે એક તળાવ બનાવવામાં આવ્યું હતું .અને તેમાં થોડા સમય માટે વરસાદી પાણી તેમજ અન્ય જગ્યાએથી પાણી પણ નાખવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતા અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,આ તળાવમાં પાણી હવે ખૂટી જવા પામ્યું છે અને તળાવ સુકાવાના આરે છે. ત્યારે તળાવ સુકાવાના આરે હોવાથી કાચબા સહિત અનેક જીવો મરણ પથારીએ જોવા મળી રહ્યા છે ત્યારે ધાનેરા વાસીઓ ની માંગ છે કે નગરપાલિકા દ્વારા આ તળાવમાં પાણી નાખવામાં આવે અને તેમાં રહેતાં કાચબોઓ ને બચવામાં આવે.

ડીસામાં ૧૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલનું ભાજપા પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના હસ્તે લોકાર્પણ

નીમ્સ હોસ્પિટલ ઉત્તર ગુજરાત અને રાજસ્થાનના દર્દીઓને આશીર્વાદ રૂપ નિવડશે

ડીસા, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના વરદ હસ્તે નીમ્સ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ ૧૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલનું લોકાર્પણ કરાયું હતું.

આ પ્રસંગે અંગદાન પ્રણેતા દિલીપભાઈ દેશમુખ,લોકસભા સાંસદ પરબતભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ દિનેશભાઈ અનાંવાડીયા,ગુજરાત પ્રદેશ ભાજપ મહામન્ત્રી રજનીભાઈ પટેલ,નૌકાબેન પ્રજાપતિ, બનાસડેરી ચેરમેન શંકરભાઈ ચૌધરી,કાંકરેજ વિધાયક કીર્તિસિંહ વાઘેલા, ડીસા વિધાયક શશીકાંત પંડ્યા, બનાસકાંઠા પ્રભારી નંદાજી ઠાકોર, સુરેશભાઈ શાહ, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ગુમાનસિંહજી ચૌહાણ, મહામન્ત્રી ડાહ્યાભાઈ પિલિયાતર,સહીત અનેક ધારાસભ્યો, જિલ્લા પંચાયત સદસ્યગણ, ભાજપ જિલ્લા કાર્યકર્તાઓ સહીત ડીસા મેડિકલ એશોસિએશનનાં તમામ ડોક્ટરગણ હાજર રહ્યાં હતા.

આ ૧૦૦ બેડની

અત્યાધુનિક હોસ્પિટલ રાજસ્થાન સહીત ગુજરાતમાં ઉત્તર ગુજરાતનાં તમામ જરૂરિયાત મન્દ દર્દીઓ માટે આશીર્વાદ રૂપ બનશે તેવું જણાવી પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે હોસ્પિટલ મેનેજમેંટ અને જિલ્લા વાસીઓને અભિનંદન આપ્યા હતા.પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે આ પ્રકારની માનવ સેવા કરતા તમામ સેવાધારીઓને બિરદાવ્યા હતા.અને મેડિકલ સેવા,અન્નદાન અને અંગદાન કરતા લોકો અને એનજીઓનાં મન્ચ પરથી ભરપેટ વખાણ કરી આ સેવા સરવાણીની પ્રંશસા કરી ,આવી સેવા કરવાં સક્ષમ તમામ અન્યોને પણ સેવાની આવી સરવાણી થકી માનવસેવા માટે આગળ આવવા અપીલ કરી હતી.તેઓએ માત્ર ૩ રૂપિયામાં ઘી રોટલી સાથે નું પાકું ભાણું આપનાર ગુજરાત નાં અન્નદાતાની પણ પ્રંશસા કરી હતી,અને જણાવ્યું હતું કે આ અન્નદાતાનાં કોઠાર આજે પણ ભરેલા છે જો તમો સેવા યોગ્ય કરશો તો દાતાઓ આપોઆપ જોડાશે અને માનવ કલ્યાણની જ્યોત પ્રજ્વલિત થતી રહેશે.દેશની તમામ ખાનગી હોસ્પિટલોમાં પીએમ આયુષ્યમાન કાર્ડ લાભાર્થીઓને નિઃશુલ્ક મેડિકલ સહાય મળે છે તેવું જણાવી તેમણે પ્રધાનમન્ત્રી મોદીની આયુષ્માન ભારત યોજના થકી મોટાં ખર્ચના તમામ રોગો સામે નિઃશુલ્ક સારવાર યોજનાનું મહત્વ સમજાવ્યું હતું.અને આ યોજનાથી ગરીબ દર્દીઓ ને થતાં લાભ માટે, દેશભરમાં આરોગ્યલક્ષી સેવાઓનું સતત અપડેટ્સ અને મોનીટરીંગ સાથે રાહત મદદરૂપ પીએમ મોદીનાં યોગદાનને વધાવ્યું હતું.

વડાલીમાંથી જપ્ત કરાયેલા પ્રતિબંધિત કરોડો રૂપિયાના બિયારણમાં પાછલા બારણે મામલો સંકેલાયાની ચર્ચા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૯

સરકાર દ્વારા કપાસના જે બિયારણના ઉત્પાદન ઉપર કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો છે તેવું પ્રતિબંધિત બિયારણ વડાલીની ૩ જીનીંગમાંથી ઝડપાયા પછી સનસનાટી મચી ગઈ છે. જીનર્સોને જેલના સળીયા પાછળ ધકેલા જોઈએ તેવી અનેક ખેડૂતો ઈચ્છી રહ્યા છે પરંતુ સમગ્ર પ્રકરણમાં મામલો પાછલા બારણે સંકેલાયાની લોક ચર્ચાથી હલચલ મચી છે. ગાંધીનગરના સચિવાલયમાં બેઠેલા અધિકારીઓના પગ નીચે રેલો આવતાં તપાસમાં યેનકેન પ્રકારે રોળાં નંખાયાં છે. જ્યારે ૪ જીનીંગમાંથી એક સાથે સેમ્પલ લેવાયા પરંતુ માત્ર ૩ જીનીંગના સેમ્પલનો રિપોર્ટ જાહેર કર્યો અને એક જીનીંગનો રિપોર્ટ ઈરાદાપૂર્વક દબાવી રાખવામાં આવ્યો છે જેમાં ઈડરમાં સફેદ લક્ઝુરીયર્સ કારમાં ખેતી વિભાગના ઉચ્ચ અધિકારીઓને મળવા આવેલા જીનર્સના ઈશારે મામલામાં રંધાયાની જોરદાર લોકચર્ચા સાંભળવા મળી છે.

ગાંધીનગર સચિવાલયમાં બેઠેલા અધિકારીઓના પગ નીચે રેલો આવતાં તપાસમાં રોળાં શરૂ : ઈડરમાં સફેદ લક્ઝુરીયર્સ કારમાં આવેલા જીનર્સના ઈશારે મામલામાં રંધાયું

ફરી એકવાર સાબરકાંઠા જિલ્લો પ્રતિબંધિત બિયારણના વેપલાથી પંકાઈ રહ્યો છે. માત્ર સસ્તા ભાવે બિયારણ ઉત્પાદિત કરી ખેડૂતોને લૂંટવાના કારસારૂપ સમગ્ર વિગત હોવા છતાં જે રીતે ખેતી વિભાગ(ગુણવત્તા) મંથરગતિએ તપાસ ચાલી રહી છે તે જોતાં કરોડોના પકડાયેલા શંકાસ્પદ બિયારણના જથ્થામાં અધિ(ારીઓના મોઢાં બંધ કરવા માટે તમામ તાકાત કામે લગાડ્યાના લોકોના આક્ષેપમાં તથ્ય છે કે કેમ..?? તે કહેવું ઉતાવળીયું છે પરંતુ જે રીતે તપાસમાં ઈરાદાપૂર્વક વિલંબ અને હોતી હૈ ચલતી હૈ..ની કામગીરી શરૂ થઈ છે તે શંકા પ્રેરક છે. જ્યારે ખેતી વિભાગ(ગુણવત્તા)ના અધિકારીઓએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભ્રષ્ટાચારને શિષ્ટાચાર બનાવી દીધો હોય તેવી સ્થિતિ પ્રવર્તતાં આવનારા દિવસોમાં કેટલાક ભ્રષ્ટ ખેતી અધિકારીઓ એ.સી.બી.ના સકંજામાં આવે તેવી સંભાવના છે. છેલ્લા ૧૫ દિવસના ખેતી વિભાગના ઉચ્ચ અધિકારીઓના કોલ ડીટેલ્સ અને લોકેશન મેળવવામાં આવે તો પ્રતિબંધિત બિયારણના મામલામાં કેવા ખેલ થયા તેની અનેક ચોંકાવનારી વિગતોનો પર્દાફાશ થવાની સંભાવના છે. જ્યારે અરવલ્લીના મેઘરજ, મોડાસા, માલપુર સહિતના વિસ્તારોમાં ગુણવત્તા ખેતી વિભાગના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓએ લાયસન્સ રીન્યું કરવા અને નવા લાયસન્સ ઈસ્યુ કરવા માટે પરવાના દીઠ રૂા.૧૫-૧૫ હજાર ખંખેરીને ભ્રષ્ટાચારના નવા સંકેત આપ્યાની ફરિયાદ પણ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યાનું જાણવા મળ્યું છે. જો કે જિલ્લાના ખેતી અધિકારી(ગુણવત્તા)એ આ બાબતમાં તથ્ય હશે તો જવાબદારો સામે પગલાં ભરવાનો રાગ આલાપ્યો છે.

વડગામ અને પાલનપુર તાલુકા ખેડૂતોએ પ્રધાનમંત્રીને ૫૦ હજાર પોસ્ટકાર્ડ લખ્યા

કરમાવદ સરોવર અને મુક્તેશ્વર ડેમમાં પાણી નાખવા રજુઆત કરી

ડીસા, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોતરા ગામ નજીક આવેલા કરમાવદ સરોવરમાં પાણી નાખવા માટે છેલ્લા કેટલાક સમયથી ખેડૂતો જળ આંદોલન ચલાવી રહ્યા છે. આ પંથકના ૧૨૫ ગામના લોકો જળ આંદોલનને લઈને આક્રમક જોવા મળી રહ્યા છે. થોડા દિવસ પહેલા જ ખેડૂતોએ પાલનપુર ખાતે એક વિશાળ મહારેલી યોજી હતી. જેમાં ૨૦૦૦૦ ખેડૂત ભાઈ-બહેનો અને લોકો જોડાયા હતા. જેમણે રેલી સ્વરૂપે જઈને બનાસકાંઠા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું અને કરમાવદ સરોવર તેમજ મુક્તેશ્વર ડેમમાં નર્મદાનું પાણી નાખવા માટેની રજૂઆત કરી હતી. આ સમયે એવી પણ ચિમકી ઉચ્ચારવામાં આવી હતી કે, જો પાણી નહીં નંખાય થાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરાશે. ત્યારે હવે મહારેલી બાદ ૧૨૫ ગામના ખેડૂત ભાઈ - બહેનોએ આજે તારીખ ૧૯ જૂન ને રવિવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પચાસ હજાર પોસ્ટકાર્ડ લખીને પાણી નાખવામાં આવે તેવી ઉગ્ર રજૂઆત કરી છે. આમ વડગામ/પાલનપુર તાલુકામાં સિંચાઈના પાણી મુદ્દે આંદોલન વેગવંતુ બન્યું છે.

પ્રજા સાવધ નહીં રહે તો સ્થિતિ વણસી શકે છે

જિલ્લામાં કોરોનાના ૪ પોઝિટિવ કેસ નોંધાયા: બાયડમાં ૪ મહિના પછી કોરોનાનો પગપેસારો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૯

- સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. શનિવારે નવા ૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. હિંમતનગરના રંગપુર, હિંમતનગર શહેર તેમજ મોડાસા અને બાયડમાં ૧-૧ કેસ નોંધાતાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. તમામ દર્દીઓ હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. બાયડમાં ૪ મહિના પછી કોરોનાના પગપેસારાથી પ્રજામાં દહેશત વધી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં કોરોના ફરીથી માથું ઉંચકતો હોવાના સરકારી આંકડા સામે આવી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો પણ હવે કોરોનાની ઝપેટમાં આવ્યા પછી ચોથી લહેરમાં તો નહીં સપડાઈએ ને..?? તેવી આશંકા ઉભી થઈ છે. બાયડની શ્રીજી સોસાયટીમાં રહેતા મહિલા કોરોના પોઝિટિવ આવતાં હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. પરિવારના અન્ય સભ્યોના પણ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે મોડાસામાં ૪૬ વર્ષિય પુરુષ તેમજ હિંમતનગરના રંગપુરમાં રાજસ્થાનથી આવેલા ભાગીયાની ૫૦ વર્ષિય પત્નિ કોરોના પોઝિટિવ હોવાનું જણાતાં હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા પણ પ્રજાને માસ્કનો ફરજીયાત ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. જિલ્લામાં એકાએક કોરોનાના કેસમાં ચોમાસા દરમ્યાન ઉછાળો આવ્યો છે અને શાળાઓનું નવું શૈક્ષણિક સત્ર શરુ થતાં કેટલાક વાલીઓ હવે ચિંતિત જણાઈ રહ્યા છે. મોડાસા, બાયડ, રંગપુર અને હિંમતનગરમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે અને અન્ય કોઈ શંકાસ્પદ કેસ જણાયો નથી પરંતુ જો કેસમાં ઉછાળો આવશે તો કેટલાક વિસ્તારોને માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરી શકાય છે.

બાયડમાં વાંટડાની મહિલા પછી વધુ એક પોઝિટિવ કેસ...

બાયડ તાલુકામાં આરોગ્ય તંત્રની સક્રીયતાના કારણે કોરીના કેસ ઉપર અંકુશ આવ્યો હતો પરંતુ પ્રજાની લાપરવાહીથી ફરી કોરોનાનો પગપેસારો થયો છે. બાયડની શ્રીજી સોસાયટીમાં રહેતાં ૪૦ વર્ષિય મહિલા શરદી, ઉધરસ થતાં સારવાર શરુ કરી અને આરોગ્ય વિભાગ દ્વારા રિપોર્ટ કરાતાં કોરોના પોઝિટિવ આવ્યો છે જેથી હોમ આઈસોલેશન કરવામાં આવ્યા છે. બાયડ તાલુકામાં ગત ફેબ્રુઆરી મહિનામાં વાંટડાની મહિલા કોરોનાથી સંક્રમિત થયા પછી લાંબા સમય પછી વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો છે.

લોકશાહીમાં પણ ભેદભાવ....અને ભેદભાવ હોય તો એ લોકશાહી કેવી રીતે?

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૧૯

મને આ લોકશાહી કે જે મૂળ ગોરા લોકો જોડેથી આયાત કરેલી છે એમાં એટલે પૂરો વિશ્વાસ નથી કે જેમાંથી લોકશાહીની મૂળ જરૂરી વાતો બંધારણમાંથી નાબૂદ કરીને જે તે સરકાર દ્વારા તેમાં અજુગતા સુધારા વધારા કરવામાં આવે છે અને એટલે જ ભારતની લોકશાહીમાં એક સમાન સિવિલ કોડ નથી. ભારતમાં લોકોને વાણી સ્વતંત્રતાની ગાંડી છૂટ હોવાથી ઔવેશી ભાઈઓ હિંદુઓ માટે બેફામ વાણી વિલાસ કરે છે...આ લોકશાહીમાં ઓવૈશી ૧૫ મિનિટ પોલીસ હટાવવામાં આવે તો હિંદુઓની કતલેઆમ કરી દઈએ એવું ખુલમખુલા બોલીને બિનદાસપણે ગમે ત્યાં ફરી શકે છે પણ તેમની ઉપર કોઈ કાયદો કે કાર્યવાહી થતી નથી, પરંતુ કોઈ નેતાના ઘર આગળ હનુમાન ચાલીસા બોલવવાળા હિન્દૂ નેતા ઉપર રાજદ્રોહનો ગુન્હો લગાડી જેલના સળિયા પાછળ પણ ધકેલી દેવાય છે!!

ભારતમાં આવી લોકશાહી અને કાનૂન બનતા હોય તો આ 'લોકશાહી' નહિ 'મનમાની' કહેવાય!! આવી ગોરાઓની લોકશાહી કરતા હજાર ગણી સારી પ્રાચીન ભારતની રાજાશાહી હતી કે જેમાં લોકશાહીના હિત ને ક્યાંય જોખમ નહોતા... એ રાજશાહીમાં પ્રજા માટે એક સમાન કાનૂન હતો, કોઈ દેશ વિરુદ્ધ હરફ પણ ના ઉચ્ચારી શકતું!! 'રાજા' દરેક માટે સરખો કાનૂન લગાડતા. લોકોથી આ વાત છુપાડવામાં આવી છે કે લોકશાહીની સાચી વ્યાખ્યા આજથી દસ હજાર વર્ષો પહેલા ઋષિ વશિષ્ટ અને ઋષિ ભારદ્વાજે આપી હતી!! જેમાં રાજાશાહીમાં પણ પૂર્ણ રીતે લોકશાહીનું પાલન થયેલું દેખાય છે...

અબ્રાહમ લિંકને આ સાચી 'લોકશાહી' ને પુરી સમજી નથી અને પોતાની રીતે લોકશાહીની વ્યાખ્યા કરી દઈને "લોકશાહી" શબ્દને અપમાનિત કરી દીધો છે!! જો અબ્રાહમ લિંકને વશિષ્ટ અને વિશ્વામિત્રને પૂર્ણ અભ્યાસ કરીને સમજ્યા હોત તો તેમની આ વ્યાખ્યા અને લોકશાહીનું બંધારણ સચોટ હોત!! કોઈ હરામખોર રાષ્ટ્ર વિરુદ્ધ બોલતા લાખ વાર વિચાર કરત, આજે ભારત જેવા દેશમાં સમાન સિવિલ કોડનો કાયદો લાવવાનો વિચાર ના કરવો પડત કારણ કે લોકશાહીના મૂળ આધાર પ્રમાણે રાષ્ટ્રની પ્રજા માટે એક સમાન કાયદો જ હોય!! તે માટે નવેસરથી સંસદમાં મતદાન કરવાનો પ્રશ્ન જ ઉદ્દભવતો નથી!! પણ, ભારતનો કોઈ મહાપુરુષ લોકશાહીની વ્યાખ્યા કરી જાય એ ગોરાઓ અને વામપંથીઓને પચે ખરું??? હું છાતી ઠોકીને કહીશ કે લોકશાહીના પ્રણેતા અબ્રાહમ લિંકન નહિ પણ વશિષ્ટ ઋષિ હતા!!

આ ભેળસેળ વાળી લોકશાહી તો અબ્રાહમ લિંકન અને પાછળથી વામપંથીઓની દેન છે. આ લોકશાહીનું શુદ્ધિકરણ કરવાની જરૂર છે... ગુરુ વશિષ્ટ અને ગુરુ ભારદ્વાજ જેવા સપ્તર્ષિઓનો અભ્યાસ કરવાથી અણીશુદ્ધ લોકશાહી જરૂરથી પ્રાપ્ત થશે અને તે પ્રમાણે લોકશાહીના બંધારણને સુધારવામાં આવશે તો આપમેળે રાષ્ટ્ર વિરોધી તત્વો સુધરી જશે અને કાનૂનમાં રહેલો સાંપ્રદાયિક ભેદભાવ ખતમ થઈ જશે તેવું મારું માનવું છે....

સાબરકાંઠા એસ. ઓ.જી. એ પ્રોહીબીશનના વોન્ટેડ આરોપીને દબોચ્યો.....

આરોપીને બી-ડીવીઝન પોલીસને સોંપાયો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૯

સાબરકાંઠા એસ.ઓ.જી.એ પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા ૧ વર્ષથી વોન્ટેડ ગાંધીનગર જિલ્લાના છાલા ગામના આરોપીને હિંમતનગર બસ સ્ટેશન પાસેથી દબોચી લઈ બી-ડીવીઝન પોલીસને સોંપવામાં આવ્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ગુનાખોરી આચરવાના ઈરાદે ફરતા ઈસમોને ઝડપી પાડવા તેમજ વોન્ટેડ આરોપીઓને શોધવા સાબરકાંઠા એસ.ઓ.જી. પી.આઈ., પી.એલ. વાઘેલા અને તેમની ટીમે અનેક વિસ્તારોમાં વોચ ગોઠવી હતી જેમાં હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના વર્ષ-૨૦૦૧ના ગુનાનો વોન્ટેડ આરોપી સોઈલખાન ફીરોજખાન પઠાણ (રહે. છાલા, તા.જી.ગાંધીનગર)હિંમતનગર બસ સ્ટેશન પાસે વાહનની રાહ જોઈને ઉભો છે તેવી બાતમી મળતાં સ્ટાફે વોચ ગોઠવી હતી અને વોન્ટેડ આરોપી ઝડપાતાં તેને બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મોકલી આપવામાં આવ્યો છે.

સાબરડેરી દ્વારા મોડાસા તાલુકા ના રસુલપુર ગામે નવીન બીએમસીયુ નુ ઉદઘાટન સાબરડેરી ના ડિરેક્ટર શ્રી સચીનભાઈ પટેલ ભીખુસિંહ પરમાર અને કાંતિભાઈ પટેલ દ્વારા કરવામા આવ્યુ આ પ્રસંગે શામળાજી એમપીઓ ઈન્ચાર્જ હેમંત પટેલ સુપરવાઈઝર તુષાર પટેલ રાજેન્દ્ર પટેલ અને રાહુલ પટેલ હાજર રહેલ આ પ્રસંગે ગામ લોકો એ સાબરડેરી દ્વારા ૧૯ ટકા નફો આપવામા આવેલ તે બદલ સાબરડેરી ના ચેરમેન શ્રી તેમજ બોર્ડ ઓફ ડાયરેક્ટર શ્રી ઓ નો આભાર વ્યક્ત કરેલ તેમજ આ પ્રસંગે દુધ મંડળી દ્વારા ડિરેક્ટર શ્રી ઓ ને બોલાવી તેમનુ સન્માન કર્યુ તે બદલ ડિરેક્ટર શ્રી ઓ પણ દુધ મંડળી ના ચેરમેન શ્રી મહાદેવભાઈ અને કારોબારી નો આભાર વ્યક્ત કરેલ આ પ્રસંગે લાલાભાઈ રામજીભાઈ દેસાઈ કનુભાઈ દેસાઈ વગેરે ગામના આગેવાનો એ હાજરી આપી પ્રસંગ ને શોભાવેલ તેમજ તમામ દુધ ઉત્પાદક ભાઈ ઓ અને બહેનો નો સૌ મહેમાન શ્રી ઓ અને દુધ મંડળી ના ચેરમેન અને સેક્રેટરી ને સભ્યો એ આભાર વ્યક્ત કર્યો